# ફૂલ પર ઝાકળનાં પત્રો

‘તમારા તમારા તમારા અમે તો...’
કહ્યું તો ખરું તો ય ધરપત નથીને?

# ફૂલ પર ઝાકળનાં પત્રો

યામિની ગૌરાંગ વ્યાસ

## ગઝલનો સિંજારવ

'ફૂલ પર ઝાકળનાં પત્રો,' એ બહેન યામિની વ્યાસનો ગઝલસંગ્રહ છે. વસ્તુતઃ તે યામિનીનું સર્વપ્રથમ પુસ્તક છે. ગઝલને સંબંધ છે ત્યાં સુધી યામિની વ્યાસ સંપૂર્ણપણે સુરતની ગઝલની સર્જક છે. સિદ્ધ પ્રયોગશીલ ગઝલકાર નયન હ. દેસાઈએ ઘણા નવોદિત ગઝલલેખન ઇચ્છુકોને ઉપકારક માર્ગદર્શન આપ્યું છે. યામિની વ્યાસનો પણ એમાં સમાવેશ થાય છે. આ ઘડતરનાં સુખદ પરિણામો બહેન યામિનીની હમણા પ્રારંભાયેલી ગઝલસફરમાં જોઈ શકાય છે. યામિની ગઝલના માધ્યમને સુપેરે સમજે છે. એનું શાસ્ત્ર પણ તેને અવગત છે. વધારે સુખદ વાત તો એ છે કે, યામિનીની ગઝલોના છંદો પાકા અને શુદ્ધ છે તથા તેમાં નોંધપાત્ર વૈવિધ્ય છે તે સામાન્ય રીતે નવોદિત ગઝલકારોમાં ઓછું જોવા મળે છે. ગઝલનો મિજાજ કવયિત્રી પારખી શક્યાં છે. તેમના શેરોમાં ઉલ્લેખપાત્ર શેરિયત છે. તેમની ગઝલોમાં સ્ત્રીસહજ ઋજુતાની સાથે ક્યાંક બળકટ ભાવો પણ છે. આ સજ્જતા યામિનીના ગઝલસર્જન પરત્વે આશા જગાવે છે. ગઝલસંગ્રહના શિર્ષકને અનુરૂપ તેમાંની ગઝલોમાં ફૂલની ખુશ્બુ અને ઝાકળની અશ્રુવત્ સિક્તતા છે. વળી, સ્વયં ઝાકળ ફૂલને પત્ર લખે એવા કાવ્યવિધાનમાં સંવેદનાનો સંકેત પણ મળે છે.

થોડાંક શેરો જોઈએ:

'આંખ જો ખૂલી તો એની શોધ આરંભી દીધી,
જોઉં ઓશીકા ઉપર શમણાં પડેલાં ક્યાં મળે?'

આ શેરમાં સંવેદન અને ભાષાકર્મની જે નાજુક ગુંથણી થયેલી છે તે ધ્યાનાર્હ છે.
હવે આ શેર જોઈએ :

'આજ તો એમ લાગ્યું કે 'આવો' કહ્યું,
બંધ એ દ્વારમાં કોણ ઊભું હશે?'

આ શેરમાં અટકળનો જે ભાવ છે તે આકર્ષક છે. શેર સુકુમારતાથી રહસ્યગર્ભ પણ લાગે છે.

નિમ્નલિખિત શેરમાં બોલચાલની ભાષાનો જે રણકો છે તે ભાવકને આનંદાનુભૂતિ આપે છે.'તમારા' શબ્દો ત્રણ વાર પ્રયોજાયને બોલનારના અનુનય ઉપરાંત આગ્રહનો પણ ખ્યાલ આપે છે.

શેરના બીજા મિસરામાં તો કવયિત્રી જાણે કે છણકો કરે છે! આ રહ્યો એ શેર,

'તમારા તમારા તમારા અમે તો...
કહ્યું તો ખરું તો ય ધરપત નથીને?'

દર્પણ તૂટવાની કે ફૂટવાની ક્રિયા આમ તો સારી ન લેખાય, પણ કવયિત્રીએ અહીં આયનો તૂટવાની ઘટનામાંથી નવી ચમત્કૃતિ સિધ્ધ કરી છે.

'લો! તમારા આગમન ટાણે જ ફૂટે આયનો
એક ચહેરો ને હજારો બિંબ ડોકાયા કરે'

'હસ્તરેખા વળી શું?,' શિર્ષકની લાંબા માપના છંદમાં લખાયેલી ગઝલ સાદ્યંત આસ્વાદ્ય છે, તેમાં કવયિત્રીનું છંદપ્રભુત્વ પ્રગટ થાય છે. તદ્ઉપરાંત શેરે શેરે શેરિયત વેરાયેલી પડી છે. ઉદાહરણાર્થે ત્રણ શેર :

પળેપળનો બદલાવ જોયા કરું છું, ધરા શું? ગગન શું? સિતારા વળી શું?
સમાયું છે જીવન અહીં ઠોકરોમાં, ત્યા કિસ્મત અને હસ્તરેખા વળી શું?

નથી કોઈ મંઝિલ, નથી કોઈ રસ્તો, ચરણને મળ્યું છે સતત ચાલવાનું,
કદી થાક લાગે તો થોભી જવાનું, ઉતારા વિશેના ઉધામા વળી શું?

જગતના વિવેકો ને વ્યવહાર છોડી ઉઘાડા જ દ્વાર મેં રાખી મૂક્યા છે,
ભલે કોઈ અણજાણ આવે અતિથિ, પ્રતીક્ષા વળી શું? ટકોરા વળી શું?

'સિંજારવ' શબ્દ આ પૂર્વે ગુજરાતી ગઝલમાં પ્રાયોજાયો હશે ખરો? મને ખ્યાલ નથી.

'મીંઢળ વગર' શિર્ષકની ગઝલમાં કવયિત્રીએ પરિયણ પ્રસંગના પરિવેશને તાદૃશ્ય કરવા માટે ભાષાકર્મ લેખે 'સિંજારવ' શબ્દનો સુભગ વિનિયોગ કર્યો છે. જેનું પરિણામ હૃદ્ય આવ્યું છે.

'સામસામે થાય સિંજારવ મધુર,
એજ મનમેળાપ છે મીંઢળ વગર'.

આમ આવા બહુસંખ્ય શેરો અને કેટલીક નખશિખ ગઝલોથી ઓપતા બહેન યામિની વ્યાસના આ પ્રથમ ગઝલસંગ્રહ 'ફૂલ પર ઝાકળનાં પત્રો,' નું હું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

ભગવતીકુમાર શર્મા

૧૦-૦૩-૦૯, સુરત

## યામિની વ્યાસઃ અમારી સાહિત્યિક-સાંસ્કૃતિક શ્રદ્ધા

યામિની વ્યાસ, પાંચ અક્ષરનું એક નામ. આજે સુરતના સાહિત્યિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે આ નામ ખાસ્સા તેજે પ્રકાશવા લાગ્યું છે. મહિલાઓ પ્રત્યે સામાન્યત્વે એવી માન્યતા પ્રવર્તે છે કે એઓ પોતાના રસ રુચિના ક્ષેત્રે જાજી આગળ વધી શકતી નથી. બહેન યામિનીએ એ માન્યતા ને સંપૂર્ણપણે ખોટી પાડી છે. એ એક આદર્શ ગૃહિણી, વત્સલ માતા, વર્કિંગ વુમન, કવયિત્રી, લેખિકા, નાટ્ય અભિનેત્રી, ગરબા નિષ્ણાત અને વોટ નોટ છે. આ બધા ક્ષેત્રોને એ પોતાની પુરેપુરી ક્ષમતા અને સુઝથી ન્યાય આપે છે. ગઝલ, ગીત, અછાંદસ્, ટૂંકી વાર્તા, લઘુ નાટિકા, નાટક બધું જ લખે છે અને તે પણ સત્વશીલ. તેની લખેલી લઘુ નાટિકા, 'જરા થોભો', શત પ્રયોગી નિવડી છે, તો તેનું નાટક 'મિલી ના ઘર તરફ' રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવ્યું છે. આ બંન્ને નાટકોમાં તેણે મહત્ત્વનાં પાત્રો ભજવી પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.

આમ યામિની વ્યાસ એ અમારા સુરતની સાહિત્યિક-સાંસ્કૃતિક શ્રદ્ધા છે અને ગુજરાતની આવતી કાલની આશા છે. બહેન યામિનીની કલાકીય ઉન્નતિમાં પ્રસન્નતા અનુભવવાનો અમારો વિશેષાધિકાર છે.

સુરત
10 3 08

॥ ॐ ॥

શબ્દ પ્રત્યે લગાવ અધિક ઉત્કટ
અને નિસબત બહુ પ્રગાઢ બનો,
ઉપાસનાની પરિણતિનો પ્રકાશ-
— શબ્દ જે દઈ આપી શકે તે —
- ઝીલવાનું સામર્થ્ય સતત મળતું
રહો, એ મનઃપ્રાર્થના અને
'ફૂલ પર ઝાકળનાં પગલાં'ને હાર્દિક
શુભ કામના...

શિવસ્મરણસહ -

રાજેન્દ્ર શુક્લ...

રાજકોટ, ૯-૩-૨૦૦૯.

## સુરિલા લયની લહેરખીઓ

યામિની બહેન 'ફૂલ પર ઝાકળનાં પત્રો' કાવ્યસંગ્રહ પ્રગટ કરી રહ્યા છે ત્યારે અદકેરો આનંદ થાય છે. તેઓ પોતાના કાવ્યમાં નાજુક સ્ત્રીસહજ ભાવો વ્યક્ત કરવામાં નિપુણ છે. આજે ગુજરાતી ગઝલો જે રીતે સર્જાઈ રહી છે તેનો મને એટલા માટે આનંદ છે કે આવો એક બીજો સરસ વળાંક આવે એમ મનમાં થતું જ હતું. આજે કેટલી બધી કલમો ગુજરાતી ગઝલને સમૃદ્ધ કરી રહી છે તેનો મને, આપણને સહુને આનંદ જ હોય.

કાવ્ય લેખન ઉપરાંત નાટ્ય-વાર્તાલેખન અને અભિનયકળામાં પણ નિષ્ણાત યામિની બહેન ગઝલમાં આ રીતે ગઝલિયત તાકે છેઃ

લખે ગ્રંથના ગ્રંથ તું લાગણીમાં,
નહીં કાંઈ સમજુ હું બારાખડીમાં.
નજર સ્થિર છે આગમનની દિશામાં,
પ્રતીક્ષાએ માળો કર્યો આંખડીમાં.

તો વળી એક 'ન અવતરેલી બાળકીના ઉદ્‌ગાર' નામનું આખું કાવ્ય મનમાં મમળાવવા જેવું બન્યુ છેઃ

આંગળી પકડીને તારી ચાલવા દે,
મા! મને તું આ જગતમાં આવવા દે.

આખાય સંગ્રહમાં આવા ડાયરીમાં ટપકાવી લેવા જેવા શેરો જોવા મળે છે. યામિની બહેનને તેમની સરસ ગઝલો બદલ અભિનંદન. મૂર્ધન્ય સાહિત્યકાર પૂજ્ય ભગવતીભાઈએ તેમના કાવ્યો વિશે વિશેષતાથી કહ્યું જ છે.

પુનઃ પુનઃ અભિનંદન

**નયન દેસાઈ**

અર્પણ

પૂ. વિમળા બા
પૂ. સૌ. મમ્મી
પૂ. પપ્પાને...

## દિલની વાત...

સુરત ગઝલનું ચેરાપુંજી છે, હંમેશા મુશળધાર ગઝલો વરસે છે, એમાં હું મારા વરસાદનો પહેલો છાંટો લઈને આવી છું.

કાવ્યલેખનને મેં સચ્ચાઈથી સભર પ્રક્રિયા માની છે. આત્મઅનુભૂતિ વગર કાવ્યસર્જન નથી થતું એમ હંમેશા માનતી આવી છું. ગઝલ પ્રત્યે પહલેથી જ અનેરી લાગણી રહી છે, મારા એ પ્રયત્નોને સુરતના વડીલ કવિઓએ બિરદાવી વખતોવખત મને અમુલ્ય પ્રોત્સાહન આપ્યું છે, તે બદલ સૌ મુરબ્બી કવિઓનો અંતઃકરણથી આભાર માનું છું.

ગુરુકવિ શ્રી નયનભાઈ દેસાઈએ છંદના પ્રારંભિક જ્ઞાનથી શરૂ કરી સાચી ગઝલ કોને કહેવાય તેનું સચોટ માર્ગદર્શન આપ્યું છે, એમને હૃદયપૂર્વક વંદન કરું છું.

મૂર્ધન્ય સાહિત્યકાર પૂ. ભગવતીકાકાએ વાત્સલ્યભાવથી મારી ગઝલોને બિરદાવી પ્રસ્તાવના લખી આપી તે બદલ તથા મૂર્ધન્ય કવિ પૂ. રાજેન્દ્રભાઈ શુકલએ અણમોલ આશીર્વચન લખી આપ્યા એ બદલ ધન્યતાની લાગણી અનુભવું છું.

જ્યાં મારી ગઝલો ઉછરી છે, એ સાહિત્યસંગમના સર્વ કર્તા-હર્તા પૂ. નાનુબાપા તથા મુ. જનકભાઈને તો કેમ ભુલાય?

કવિમિત્ર શ્રી ગૌરાંગ ઠાકરે મારી ગઝલોને પુસ્તક આકારે ગુજરાત સાહિત્ય અકાદમીની ગ્રાંટ માટે મોકલવા પ્રેરણા આપી તેમનો વિશષ આભાર.

મારી ગઝલસર્જનના સાક્ષી કવિવડિલો તથા કવિમિત્રો—શ્રી રવીન્દ્રભાઈ પારેખ, બકુલેશભાઈ દેસાઈ, ડૉ. પ્રફૂલ્લભાઈ દેસાઈ, ડૉ. વિપીન કીકાણી, ડૉ. રઈશ મણિયાર, ડૉ. મુકુલ ચોક્સી, કિરણ ચૌહાણ, મહેશ દાવડકર, ગુણવંત ઠક્કર, પ્રજ્ઞાબહેન વશી, રીના મહેતા, એષા દાદાવાલા, સંધ્યા ભટ્ટ, ડૉ. વિવેક ટેલરની સદા ઋણી રહીશ.

સુંદર આવરણથી પુસ્તક સજાવી આપનાર શ્રી અમિત ખરસાણીનો આભાર.

'ફૂલ પર ઝાકળનાં પત્રો'ની ભિનાશ આપને થોડી પણ સ્પર્શી જશે તો તેને હું મારી ગઝલસર્જનની સાર્થકતા ગણીશ.

અસ્તુ.

**યામિની ગૌરાંગ વ્યાસ**

## અનુક્રમણિકા


૧ ક્યાં મળે?
૨ કોણ ઊભું હશે?
૩ ધરપત નથી ને?
૪ બિંબ ડોક્યા કરે
૫ ને પછી?
૬ નથી શકતો
૭ ફરાર લાગે છે
૮ મળું નક્કી
૯ વસંતમાં
૧૦ રમખાણમાં સુરત
૧૧ એક ન અવતરેલી બાળકીના ઉદ્‌ગાર
૧૨ ચાંદની
૧૩ ખારો થૈ ગયો
૧૪ બારાખડીમાં
૧૫ હવે એક પણ... માં–
૧૬ છળતા રહીશું આપણે!
૧૭ જાણી નથી શકાતી
૧૮ ખૂટી ગયા
૧૯ સુરતઃ પૂર
૨૦ ક્યાં જશે?
૨૧ જિંદગી શોધવામાં
૨૨ બેખબર લાગે
૨૩ જાત આવી છે
૨૪ ખોવાઈ ચાલી દોસ્તો
૨૫ મીંઢળ વગર
૨૬ પત્ર
૨૭ શમણાં
૨૮ કાંઠે કાંઠે
૨૯ વાત કર
૩૦ કહું છું હું
૩૧ ક્યાં સુધી?
૩૨ પૂરપાટ ચાલી જાય છે
૩૩ ભરોસો
૩૪ પાછી વળું છું
૩૫ છટકી જાય છે.
૩૬ ફળવાની ઇચ્છા
૩૭ વસંત
૩૮ સાગર
૩૯ ફંટાયા કરે
૪૦ ઘડી બે ઘડીમાં
૪૧ તોલ્યા કરે
૪૨ ઘરબાર રાખે છે
૪૩ આપ આવ્યા મંચ પર
૪૪ જાહેરાત આવી છે
૪૫ અશ્રુની આવક બની
૪૬ વધઘટ થશે
૪૭ ભીંત બરાબર
૪૮ વાતમાં ને વાતમા
૪૯ કહું છું તને
૫૦ મને શું?
૫૧ હસ્તરેખા વળી શું?

આંગળી પકડીને તારી ચાલવા દે,
મા! મને તું આ જગતમાં આવવા દે!

## ક્યાં મળે?

આટલા મોહક અને મોતી ભરેલાં ક્યાં મળે?
ફૂલ પર ઝાકળથી આ પત્રો લખેલા ક્યાં મળે?

ઉંબરા પર પગ નથી મૂક્યો ને બસ ‘આવો’ કહે,
આ નગરમાં માણસો એવા વસેલા ક્યાં મળે?

ધારણા સાચી પડી, આજે તમારું આગમન!
બારણામાં તોરણો લીલાં બનેલાં ક્યાં મળે?

આ અતિથિનાં ભલા સન્માન આદર તો જુઓ,
ભરવસંતે અવનવાં પર્ણો ઝૂકેલાં ક્યાં મળે?

આંખ જો ખૂલી તો એની શોધ આરંભી દીધી,
જોઉં ઓશીકા ઉપર શમણાં પડેલાં ક્યાં મળે?

## કોણ ઊભું હશે?

ગાઢ અંધારમાં કોણ ઊભું હશે?
એ નિરાકારમાં કોણ ઊભું હશે?

તું જ દર્પણ અને તું જ ચહેરો અહીં,
આર ને પારમાં કોણ ઊભું હશે?

બાળપણનાં એ સ્વપ્નો ભૂલાતાં નથી,
સાવ સૂનકારમાં કોણ ઊભું હશે?

બૂમ પાડ્યા કરે છે નિરંતર મને,
મનના ભણકારમાં કોણ ઊભું હશે?

નાવ જાણે કે મળવા અધીરી થઈ,
દૂર મઝધારમાં કોણ ઊભું હશે!

આજ તો એમ લાગ્યું કે 'આવો' કહ્યું,
બંધ એ દ્વારમાં કોણ ઊભું હશે?

## ધરપત નથી ને?

તમારી એ આંખોની હરકત નથીને?
ફરી આ નવી કોઇ આફત નથીને?

વહેરે છે અમને તો આખા ને આખા,
એ પાંપણની વચમાં જ કરવત નથીને?

વહે છે નદી આપણી બેઉ વચ્ચે,
એ પાણીની નીચે જ પર્વત નથીને?

નજરને મળો છો તમે સ્મિત કરતા,
અમારા એ સપનાની બરકત નથીને?

'તમારા તમારા તમારા અમે તો...'
કહ્યું તો ખરું તો ય ધરપત નથીને?

## બિંબ ડોકાયા કરે

સાદ પાડી કો'ક ભીતર રોજ સંતાયા કરે,
બેખબર મારો જ પડછાયો વગોવાયા કરે.

લો! તમારા આગમન ટાણે જ ફૂટે આયનો,
એક ચહેરો ને હજારો બિંબ ડોકાયા કરે.

રાતમાંથી બાદબાકી ના કરો અંધારની–
ખૂબ લાગી હો તરસ તો એ ય પીવાયા કરે.

જીંદગીનો અર્થ સમજાઇ ગયો પળવારમાં,
કોઈ પણ કારણ વિના એક બાળ મલકાયા કરે.

વેદનાની વાત ઓ દુનિયા! મને પૂછીશ ના–
જો ઘડો ખાલી રહે છે તો જ છલકાયા કરે!

## ને પછી?

સામસામે રહ્યા તો ય ન્હોતા રહ્યા ને પછી?
લાગણી આપણે સાવ ખોતા રહ્યા ને પછી?

સાવ મેલા ગણી એને ધોતા રહ્યા ને પછી?
જિંદગી તારાં વસ્ત્રો મસોતાં રહ્યા ને પછી?

નભ તો કોરું રહ્યું પણ પલળવા સમી બીકથી,
ધૂમ વરસાદની જેમ રોતા રહ્યા ને પછી?

જિંદગીભર અમે મૌનમાં માત્ર ડૂબી રહ્યાં,
કંઈક કહેતે છતાં મૂક શ્રોતા રહ્યા ને પછી?

જખ્મની જેમ માળા ગુંથાતી ગઈ શી ખબર!
અશ્રુઓ જેમ આવ્યાં એ પ્રોતા રહ્યા ને પછી?

આજ પાવન થતે પણ રહ્યું જ્ઞાન કેવટ સમું,
દ્વાર આવેલ ચરણોને ધોતાં રહ્યા ને પછી?

બારણે કોઈ આવ્યું નહીં, દ્વાર ખખડ્યું નહીં,
ખાલી ખાલી અમે વાટ જોતા રહ્યા ને પછી?

## નથી શકતો

સમય સામે અગર જંગે ચઢે ફાવી નથી શકતો,
કે જે તારીખના પાનાને ય ઉથલાવી નથી શકતો.

હવે ઉપદેશકોને હાથ જોડીને બધા કહી દો,
જગત શું માનશે જે મનને સમજાવી નથી શકતો!

જરા તારા જ વર્તુળમાંથી નીકળીને જગતને જો,
નથી વધતો એ વડ જે મૂળ ફેલાવી નથી શકતો.

જો તારે આવવું હો તો તું આવી જ જા નહીંતર–
કે, વીતેલો સમય કોઇને બોલાવી નથી શકતો.

પછી આવે ભલે તો પણ કદી કીંમત નથી રહેતી,
કે જે અવસર સમય ઉપર અહીં આવી નથી શકતો.

જમાનાને નહીં દોરી શકે ક્યારે ય એ મિત્રો!
સ્વયં ચાલીને રસ્તાઓ જે બતલાવી નથી શકતો.

## ફરાર લાગે છે

સાંજની આરપાર લાગે છે,
આ સૂરજનો પુકાર લાગે છે.

નાંગરે એ જ નાવ કિનારે,
જેને મોજાંનો માર લાગે છે.

ઝાંઝવા! છું તરસથી ટેવાઇ–
મુજ ગળાનો એ હાર લાગે છે.

એક પડછાયો શોધવા નીકળ્યો,
માનવી ખુદ ફરાર લાગે છે.

આપના આ હ્રદયમાં રણઝણતી,
યાદ મારી સિતાર લાગે છે.

## મળું નક્કી

મળું નક્કી જો સરનામું મળી જાયે,
પછી પૂછો નહીં કે, શું મળી જાયે.

બને આખું જગત કેવળ તમારામય–
નિક્ટતાનું જો અજવાળું મળી જાયે.

સતત હાર્યા જીવનની બાજી આ કિન્તુ–
હુકમનું અંતમાં પાનું મળી જાયે.

હસાવી શકશો પળમાં રડતા બાળકને–
અગર તમને હૃદય 'મા' નું મળી જાયે.

વળાવી દીકરીની ઝાંઝરી શોધું,
હજી બચપણનું એ પગલું મળી જાયે.

## વસંતમાં

યાદો ફરી ખિલી ઉઠી વાલમ વસંતમાં!
તારાં દીધેલ ફૂલનાં આ સમ વસંતમાં!

શું લૈ ને આજ ડૂબશે આલમ વસંતમાં,
સૂરજને પણ કહી દો ન આથમ વસંતમાં!

આંખો ય ફૂલનું કોઇ ઉપવન બની જતી–
સપનું ય જાણે થઇ જતું રેશમ વસંતમાં.

ફૂલો સમા હવે નહીં ખીલો વધુ તમે,
ક્યાંથી રહેશે કોઇનો સંયમ વસંતમાં?

ફૂલોની જેમ કંટકો ય મત્ત થઇ ગયા!
અડવાનું લેશો ના કદી જોખમ વસંતમાં.

થોડી મળી નજર અને હૈયું દઈ દીધું,
કોનો રહ્યો છે ગર્વ પણ અણનમ વસંતમાં.

## રમખાણમાં સુરત

થઇ હડકાયલું કો' શ્વાન જાણે દોડતું સુરત!
નથી જોયું કદી પણ આ રીતે મેં હાંફતું સુરત!

નવાબી ગઇ, ગયો નર્મદ, ગયા એ ઠાઠ પુરાણા;
બધો ઇતિહાસ ભૂલી ખંજરો ચળકાવતું સુરત.

સરકતું રક્ત કોઇની પીઠે, ચિત્કાર કોઇનો,
ઝનૂની રીતભાતોનાં છીંકોટા નાખતું સુરત.

નદીની ભવ્યતા ચાલી ગઇ ને નીર સુકાયાં,
રહ્યું છે આજ તો બસ અશ્રુઓ છલકાવતું સુરત.

## એક ન અવતરેલી બાળકીના ઉદ્‌ગાર

આંગળી પકડીને તારી ચાલવા દે,
મા! મને તું આ જગતમાં આવવા દે!

વંશનું તુજ બીજ તો ફણગાવવા દે,
ગોરમાની છાબ લીલી વાવવા દે!

તું પરીક્ષણ ભ્રૂણનું શાને કરે છે?
તારી આકૃતિ ફરી સર્જાવવા દે.

ઢીંગલી, ઝાંઝર ને ચણિયાચોળી મ્હેંદી–
બાળપણનાં રંગ કૈં છલકાવવા દે.

રાખડીની દોર કે ગરબાની તાળી,
ઝંખનાના દીપ તું પ્રગટાવવા દે.

વ્હાલની વેલી થઇ ઝૂલીશ દ્વારે,
આંગણે સંવેદના મ્હેકાવવા દે.

સાપનો ભારો નથીઃ તુજ અંશ છું હું!
લાગણીનાં બંધનો બંધાવવા દે!

## ચાંદની

શ્યામ આકાશે ઝગારા ચાંદની,
રાતભર શીતળ ફુવારા ચાંદની.

સાથિયા પૂરે છે નભને આંગણે,
ઓરતા ઢોળી ચિતારા ચાંદની.

પાછી વળ કાળી અમાસે ડર નહીં,
તારા ઝૂરે એકધારા ચાંદની.

શૂન્ય ભાસે આભ ચાંદરણા વિના,
બાંધ સગપણનાં મિનારા ચાંદની.

પ્રેમનું વટ વૃક્ષ ઊગે ચાંદ પર,
ફૂટી કૂંપળ દે સહારા ચાંદની.

## ખારો થૈ ગયો

સ્નેહ ઘૂઘવતો અકારો થૈ ગયો,
એક દરિયો કેમ ખારો થૈ ગયો?

બહુમૂલાં અશ્રુ ખરી પડશે હવે,
યાદનો હૈયે ઉતારો થૈ ગયો.

દ્રોપદીનાં વસ્ત્ર ખેંચાયા કરે,
સર્વનો જૂઠો સહારો થૈ ગયો.

નીંદ ફફડાવે છે રૂડી પાંખને,
જાગરણ જાણે કે, ધારો થૈ ગયો.

જોઇ લે આંસુ સરકતા આજ તું,
આશનો ઝાંખો સિતારો થૈ ગયો.

## બારાખડીમાં

લખે ગ્રંથનાં ગ્રંથ તું લાગણીમાં,
નહીં કાંઇ સમજું હું બારાખડીમાં.

તમારા જ શ્વાસોની મીઠી મહેકનું–
રૂપાંતર થયું ફૂલની પાંખડીમાં.

નજર સ્થિર છે આગમનની દિશામાં,
પ્રતીક્ષાએ માળો કર્યો આંખડીમાં.

મેં માધવને વેચ્યા મહી વેચવામાં,
હતી આ કરામત બધી વાંસળીમાં.

અગર બાળપણ શોધશું જો ફરીથી,
મળે કોઇ મમતાભરી આંગળીમાં.

## હવે એક પણ... માં–

તફાવત થશે ક્યાંથી વાતાવરણમાં,
સતત સૂર્ય પણ જો ઉગે આવરણમાં?

સતત મન રહે જે રીતે સાંભરણમાં,
પ્રતીક્ષા રહે એ રીતે એક જણમાં.

સવાલો સવાલો સવાલોનાં ટોળાં,
જવાબો ઝરૂખે ઊભા મૂંઝવણમાં.

કરી છે પરીક્ષા સતત ખૂબ અઘરી,
છતાં કેમ અટક્યાં હવે એક પણ... માં?

ફરકતો નિહાળું છું, હું માનો પાલવ;
લઇ જાઉં છું બસ! મને બાળપણમાં.

## છળતા રહીશું આપણે

ક્યાં લગી એકાંતથી ડરતા રહીશું આપણે?
ભીડ અપરંપારઃ ટળવળતા રહીશું આપણે!

સ્મિતથી સંબંધ જૂનો સાંકળીશું આપણે,
એકબીજાને ફરી છળતા રહીશું આપણે.

પૂર આવે લાગણીઓનું અહીંથી ત્યાં સુધી,
ક્ષેત્રફળ માપીને શું મળતા રહીશું આપણે!

નાવ હંકારી હતી સામા પ્રવાહોમાં છતાં–
છેક કાંઠા પર જ ડગમગતા રહીશું આપણે?

આ વસંતોની સભા ને આ કસૂંબા ફૂલનાં,
ઘૂંટ મૃગજળનાં છતાં ભરતા રહીશું આપણે!

ઠાવકું મન તો ઉખાણાંનું ઉખાણું થૈ રહે,
જાત સાથે કેટલું લડતા રહીશું આપણે!

## જાણી નથી શકાતી

એકે ય પળ મિલનની ટાળી નથી શકાતી,
તેથી વિરહની વેલો વાવી નથી શકાતી.

લાગી છે આગ ચારે બાજુ છતાં જુઓને–
આ મીણની સગાઈ તાવી નથી શકાતી.

જાણી શકું હું ક્યાંથી ઇચ્છા તમારા મનની?
મારા જ મનની વાતો જાણી નથી શકાતી!

આદેશ આપશો તો ના આવશું કદી પણ,
સાચું કહું આ યાદો ત્યાગી નથી શકાતી.

વરસાદના આ પહેલા છાંટે અમે ભીંજાયા,
શબ્દોથી એ ખુશીને માપી નથી શકાતી.

## ખૂટી ગયો

લાગણીનો તાંતણો તૂટી ગયો,
અશ્રુઓનો ધોધ પણ ખૂટી ગયો.

તે છતાં અકબંધ આ ચહેરો રહ્યો,
હાથમાંથી આયનો છૂટી ગયો.

હાથમાં લૈ ને તરસ દોડ્યા કર્યું,
ઝાંઝવાનો જામ તો ફૂટી ગયો.

મૌનનું એ ગીત આલાપી ગયો
આહ્‌લાદક સૂર કો' ઘૂંટી ગયો

આંખમાં એવી પરોવી આંખ કે–
સ્નેહની નાજુક કળી ચૂંટી ગયો!

## સુરતઃ પૂર

ઘર તો ડૂબ્યું હવે રહ્યું છે શું?
સર્વ લૂંટચું હવે રહ્યું છે શું?

બારણે આવીને નદીએ ખુદ,
જાણે પૂછ્યું હવે રહ્યું છે શું?

પાણી ઉતર્યાં તો ઘરની ભીંતોએ,
માથું કૂટચું હવે રહ્યું છે શું?

આંખમાં જે રહ્યું હતું બાકી–
અશ્રુ ખૂટચું હવે રહ્યું છે શું?

જળવટો દઇ દીધો નગરને તેં,
આ શું સૂઝ્યું ! હવે રહ્યું છે શું?

કોઇ ચિંતા હવે નથી કરવી,
પાણી મૂક્યું હવે રહ્યું છે શું?

## ક્યાં જશે?

નીંદને ભેદીને શમણાં ક્યાં જશે?
મૌનને વીંધીને પડઘા ક્યાં જશે?

આંખથી ઢોળી કટોરી વાતની,
બંધ છે આ હોઠ વાચા ક્યાં જશે?

રાતભર સૂરજ કરે જો જાગરણ,
રાહ જોતી દીપમાળા ક્યાં જશે?

ઓસ પર ઓઝલ રચે ધુમ્મસ કદી,
તો નિશાનેબાજ તડકા ક્યાં જશે?

ચોતરફ જાદુઇ છે દર્પણ અહીં,
બિંબથી છટકીને છલના ક્યાં જશે?

યાદ વીંઝે છે વિરહનાં વાદળાં,
તરફડીને એક ઘટના ક્યાં જશે?

## જિંદગી શોધવામાં

તમારી ખુશીમાં ખુશી શોધવામાં,
અમે તો રહ્યા જિંદગી શોધવામાં.

જરા કોઇ જોશે તમારા નયનમાં,
કદી ના જશે આરસી શોધવામાં.

કનૈયો તો ગોકુળને છોડી ગયો ને–
રહી રાધિકા વાંસળી શોધવામાં.

કરી છે બધી વાત જાહેર કિન્તુ–
મજા લોકને ખાનગી શોધવામાં.

પલકમાં એ આવીને ચાલ્યા ગયા બસ!
તમે તો રહ્યા બાતમી શોધવામાં.

સમંદરનાં મોજાં ન એને મળે જે,
કિનારે રહે નાવડી શોધવામાં.

## બેખબર લાગે

ભીડમાં આકરી સફર લાગે,
હોય એકાંત તોય ડર લાગે.

આગમન થાય કોઈ બાળકનું,
હોય વેરાન તો ય ઘર લાગે.

નીકળું તુજ ગલીમાં ઓચિંતી,
સર્વ પોતીકા મુજને ઘર લાગે.

પ્રેમનું દે છલકતું કો' સરવર,
જિંદગી સ્હેજ તરબતર લાગે.

જો મળી જાય આમ સથવારો,
ખ્વાબ એ લાગણીસભર લાગે.

જો હવે પાસ એ અગર છે તો–
ના પરાયું મને નગર લાગે.

## જાત આવી છે

મહેકી રાતરાણી ખુશનુમા મધરાત આવી છે,
પરંતુ નીંદ ક્યાં? એ લઇને અશ્રુપાત આવી છે.

ઢબૂરીને સઢોમાં કંઇક ઝંઝાવાત આવી છે,
સલામત નાવ આવ્યાની કિનારે વાત આવી છે.

કપાશે વૃક્ષ, પંખીઓ ને પ્રાણી ઠાર થઇ જાશે,
અહીં પૃથ્વી ઉપર માણસની આખી જાત આવી છે.

ઘટે ના આ રીતે ક્યારેય કોઇનાં થવું તુજને,
હૃદય પાસે હવે બુદ્ધિની એ રજૂઆત આવી છે.

ભલે ને રમ્ય છે પણ સાંજ રોકાઇ નથી શકતી,
હથેળીમાં લઇ એ ડૂબવાની ઘાત આવી છે.

## ખોવાઇ ચાલી દોસ્તો

લાગણી કોરાઇ ચાલી દોસ્તો,
જિંદગી ખોવાઇ ચાલી દોસ્તો.

કોઇ લક્ષ્મણ પણ નથી સામે છતાં–
રેખ આ દોરાઇ ચાલી દોસ્તો.

યાદનાં અશ્રુને તો રોકો હવે,
આંખડી ઢોળાઇ ચાલી દોસ્તો.

દિલ મહીં જે સાચવી રાખી હતી,
વાત એ બોલાઇ ચાલી દોસ્તો.

એમ ના માનો કે ઘર ખંડેર છે,
બારી ખુદ ડોકાઇ ચાલી દોસ્તો.

## મીંઢળ વગર

કાગ કા... કા..., કહેણ કે કાગળ વગર;
આગમન કોનું થશે અટકળ વગર!

કોણ સાંભળશે કિનારાની વ્યથા?
નાવ આ ડૂસકે ચઢી છે જળ વગર.

સામસામે થાય સિંજારવ મધુર,
એ જ મનમેળાપ છે મીંઢળ વગર.

ટેરવામાં તરફડાટો હોય છે,
જેમ ફૂલો તરફડે ઝાકળ વગર.

ખૂબ ભીંજાવું પડે છે દોસ્તો!
લાગણીનાં એકપણ વાદળ વગર.

આગ, ધૂમાડા વિના દૂણાય શું?
મન સળગતું હોય દાવાનળ વગર.

## પત્ર

પેન પકડું થાય બસ બચપણ લખું,
શોધુ સંબોધન પછી સગપણ લખું.

નામ લેતા સામટી આવે શરમ,
હાથ ધ્રૂજી જાય એ ઘડપણ લખું.

હું વિલાઈને ભલે ખારી બનું,
એક્ નદીનું સાગરે વળગણ લખું.

કેટલી યાદોના સિક્કા સંઘરું?
જાણ તમને થાય જો ખણખણ લખું.

આખરે લિખતિંગ તો બાકી રહ્યું,
ત્યાં તમારી આંખનું દર્પણ લખું.

## શમણાં

કરે છે ઉઝરડાં આ રંગીન શમણાં,
સતત હોય છે એ જ માયાવી ભ્રમણા!

ન રાખે કદી ભેદ ડાબા કે જમણા,
જકડતા હૃદય વેગ પકડીને બમણા.

કરું બંધ પાંપણ તો હમણા પ્રવેશે,
બધા ગત પ્રસંગોની એ છે વિટમણા.

તમારા તરફથી જખમ જે મળ્યાં છે,
હમેશાં મને એ જ લાગ્યા છે નમણા.

## કાંઠે કાંઠે

સાગર સાગર તરતા માલમ,
મઝધારોમાં ફરતા માલમ.

પરપોટાની ભાષા બોલે,
કાંઠે કાંઠે સરતા માલમ.

બોલે કેવું છબછબિયાળું?
મોજાં જો પાથરતા માલમ.

ઘરમાં હો કે નૌકામાં હો,
દરિયો શ્વાસે ભરતા માલમ.

માથું તૂતક પર મૂકીને,
નિજનું ઘર સાંભરતા માલમ.

## વાત કર

પલક નીતરે છે, રડી વાત કર;
મને વાત કર, મન! ખરી વાત કર.

ભૂલીજા શબ્દને પછી વાત કર,
મને વાત કર તું ઘણી વાત કર.

ગજબની ઇમારત ચણી મૌનની,
ભલે એક પણ સોંસરી વાત કર.

તને સૂર્ય માનું છું કિન્તુ જરા,
નશો તેજનો તારવી વાત કર.

તને કંટકોની અગર બીક હો,
પરિમલની આડશ ધરી વાત કર.

# કહું છું હું

મને કાગળ નહીં આપો કહું છું હું,
ફરી અટકળ નહીં આપો કહું છું હું.

હૃદયનાં ફૂલ આંસુથી ખીલેલાં છે,
જુઓ ! ઝાકળ નહીં આપો કહું છું હું.

અબોલામાં ઘણું બોલી ગયા આંસુ,
સિફતથી છળ નહીં આપો કહું છું હું.

વસે છે કોઇ આંખોનાં કિનારા પર,
તમે કાજળ નહીં આપો કહું છું હું.

શુકનવંતા તમે સામે મળ્યા છો તો–
હવે શ્રીફળ નહીં આપો કહું છું હું.

## ક્યાં સુધી?

આમ ભીતરમાં જ બળવું ક્યાં સુધી?
વાર તહેવારે જ મળવું ક્યાં સુધી?

પાનખરમાં ડાળખી બોલી ઉઠીઃ
મન, હવે ફૂલોને ઝૂરવું ક્યાં સુધી?

યાદનો હલ્લો ને મન ઘાયલ બને,
કારમી ચીસનું નીકળવું ક્યાં સુધી?

પાંપણોમાંથી એ સરકી જાય છે–
સ્વપ્નને, સહિયર! પકડવું ક્યાં સુધી?

આ જુદાઈ ને મિલનના બે ગ્રહો
વિશ્વની એ રીત! રડવું ક્યાં સુધી?

હાશ! ઈવે સ્વર્ણમૃગ જોયું નહીં,
એ જ રામાયણને રચવું ક્યાં સુધી?

## પૂરપાટ ચાલી જાય છે

દોડતી ને દોડતી પૂરપાટ ચાલી જાય છે,
કોણ જાણે ક્યાં સુધી આ વાટ ચાલી જાય છે.

ઘેલછા કેવી હશે દરિયાને મળવાની જુઓ,
આ નદી સૂના મૂકીને ઘાટ ચાલી જાય છે.

જિંદગીની આ રમત કેવી કે રમતા માણસો!
અધવચાટે મેલીને ચોપાટ ચાલી જાય છે.

લાગણીની તીવ્રતાને કોઇ રોકી ના શકે,
કોઇ સેના જાણે કે રણવાટ ચાલી જાય છે.

બે ઘડી વરસાદનાં ધરતી ઉપર ફોરાં પડ્યાં,
એટલામાં કેટલો તલસાટ ચાલી જાય છે.

## ભરોસો

તું મને પણ ક્યાં મળે છે?
ઝાંઝવા હરદમ છળે છે.

આંસુનો પણ ક્યાં ભરોસો?
આંખમાં પાછાં વળે છે.

વજ્ર જેવું દિલ છે નહિતર,
લોહ સુદ્ધાં પીગળે છે.

દર્દનો માર્યો છે નક્કી,
હોશ ખોવા ટળવળે છે.

રાતનું એકાંત કણસે,
બારણાંઓ સાંભળે છે.

## પાછી વળુ છું

ઉગુ છું, ખિલું છું, ખરું છું, છળું છું,
અપેક્ષિત ઘટનાના ક્રમથી ડરું છું.

મને એક વળગણ થયું છે આ કેવું?
તને ભૂલવામાં વધારે સ્મરું છું.

ન વરસાદ, વાદળ, બનું હું તો ઝાકળ;
હવે હું સવારે સવારે મળું છું.

ન ખુટશે એ શ્વાસો સ્મરણથી ભરેલા,
તમારી જ થાપણ ઉપર હું નભું છું.

ચરણ એનાં દ્વારે જ લઈ જાય છે પણ–
જરા થાય અવઢવ ને પાછી વળુ છું.

## છટકી જાય છે

સાંજનું આકાશ ઝૂકી જાય છે,
યાદ પંખી જેમ ટહુકી જાય છે.

લાક્ષણિકતા શી હશે ફોરમ તણી?
બાગની સીમા વધારી જાય છે.

પથ્થરોને એટલું શીખવાડીએ,
લાગણી પીડા બતાવી જાય છે.

જાણવા માંગુ છું તે ના કહી શકે,
મૌન તારું હદ વટાવી જાય છે.

આંખ ખુલ્લી હોય તો આવે નહીં,
જો ઉઘાડું સ્વપ્ન છટકી જાય છે.

બારણા અટકળનાં ભીડ્યા છે છતાં–
કોણ સાંકળ ખટખટાવી જાય છે!

## ફળવાની ઇચ્છા

પાણીને ઢળવાની ઇચ્છા,
દરિયાને મળવાની ઇચ્છા.

શા માટે આ થાતી હરદમ–
માણસને છળવાની ઇચ્છા?

હૈયામાં છે યાદો ઘેઘૂર,
આંખોને ગળવાની ઇચ્છા.

નીંદ ઉડી ગઇ વરસોથી ને–
શમણાને ફળવાની ઇચ્છા.

દિલ! એકલતાને ઝંખે છે,
મન મેળે મળવાની ઇચ્છા.

## વસંત

દ્વાર ઉપર ટકોરા મોસમના,
ફૂલ ખીલ્યા છે સારી આલમના.

ફૂલની પાથરી દીધી કેવી?
મૂલ મોંઘા છે એની જાજમનાં.

આંગળી સ્હેજ એને અડકે તો–
સૂર વાગે છે એમાં સરગમના.

આપણે તો કદી રડી પડીએ,
ફૂલ હસતાં રહે છે કાયમના.

માનશો! હર વસંતે યાદ આવે–
વાયદાઓ એ મીઠા વાલમના...

## સાગર

હૃદય! શીખવે છે, જો આ સાર સાગર;
કળાવા ન દે કોઈ અણસાર સાગર!

નયનમાં વહી જાય પળવાર સાગર,
સરજતો અનોખો ચમત્કાર સાગર.

કિનારે પહોંચાડ ભવતાર સાગર,
નહીં તો સમાવી લે મઝધાર સાગર.

બની વાદળાં પાછું મીઠું વરસતો,
વહેતી નદીઓનો ભરથાર સાગર.

કદી ઓટ-ભરતી કે મોજાં ને વાછટ,
આ પાણી સજે સોળ શણગાર સાગર.

## ફંટાયા કરે

તારી મારી વાત રોજેરોજ ચર્ચાયા કરે,
સાવ ખાલી થાય તો પણ કોઈ ખર્ચાયા કરે.

યાદ આવે કોઈની તો દર્દ મલકાયા કરે,
આંખડીને શું થયું કે એ ય છલકાયા કરે?

રોજ બદલાતા રહ્યાં દશ્યો છતાં તું ત્યાં જ છે,
કોણ જાણે કેમ આ રસ્તા જ ફંટાયા કરે.

જળ વિચારે છે સતત એકાંત શું મળશે કદી?
કોઈ કાંઠા પર નથી તો આભ ડોકાયા કરે!

આખરે શ્રદ્ધા જ જન્મે છે સમયસર તે છતાં–
કેટલી શંકાઓ એ ઇંડામાં સેવાયા કરે?

આપણે ઘટના નથી હોતા કદી પણ આમ તો –
આપણી અફવા થઈ અખબાર વંચાયા કરે.

## ઘડી બે ઘડીમાં

ઘણાને મળે કૈં ઘડી બે ઘડીમાં,
છતાં યે ન થાતા સફળ જિંદગીમાં.

ન બનવાનું કેવું અચાનક બને છે,
ગ્રહો પણ લટારે ચઢ્યા કુંડળીમાં.

બધું જાણવાની સમસ્યા નડી છે,
કશું પણ લખાયું ન ઉત્તરવહીમાં.

સમય તારું જન્માંધ વ્યક્તિત્વ કેવું?
નિહાળ્યો ન ચહેરો કદી આરસીમાં.

ગરીબ બાઇનો હાથ લંબાઇ ચાલ્યો,
અને બાળ રડતું રહ્યું કાંખડીમાં.

## તોલ્યા કરે

બંધ ઘરમાં શું હવે શોધ્યા કરે?
યાદ કાં એકાંત ફંફોસ્યા કરે!

થાય વધઘટ કેમ મારામાં સતત?
કોણ મનના ત્રાજવે તોલ્યા કરે!

બિંબને પ્રતિબિંબ છે કેવાં અલગ!
ચૂપ ચહેરા! આયના બોલ્યા કરે!

ખાઇ લીધા મેં તમારા સમ છતાં–
મન તમારું શું હજી નોંધ્યા કરે!

ખાતરી કે, આંખ છલકાઇ જશે;
તે છતાં તું પત્રને ખોલ્યા કરે!

## ઘરબાર રાખે છે

કહે છે કે દુઃખોનો ફક્ત થોડો સાર રાખે છે,
પરંતુ આંખમાં તો અશ્રુઓ ચોધાર રાખે છે.

સરળ ક્યાં છે તમારા મન તણી વાતો પરખવાની?
ગગનનાં વાદળાંઓ ક્યાં કદી આકાર રાખે છે!

નથી રડતા અમે અશ્રુ વહીના જાય એ ડરથી,
સતત તેઓ અમારી આંખમાં ઘરબાર રાખે છે.

તમે એક બાગ તો કાલે ખરીદી લો, તો તેથી શું?
હવે પંખીઓ પણ ટહુકા નહીં, ચિત્કાર રાખે છે.

પછી એકાંત આવી કેમ ના ટોળેવળે ઘરમાં?
ન છૂપાવે કશું હંમેશ ખુલ્લાં દ્વાર રાખે છે.

## આપ આવ્યા મંચ પર

એ રૂડા અવસર થયા જ્યાં આપ આવ્યા મંચ પર!
ઝળહળે ચારે દિશા જ્યાં આપ આવ્યા મંચ પર!

સામસામે ફૂટતી સંવાદની આ આપ-લે
મૌન રહેવામાં મજા જ્યાં આપ આવ્યા મંચ પર!

ક્યાં ખબર આ અશ્રુઓ સાચા અભિનય છે અગર–
હર કોઈ ઝૂમી ઉઠ્યા જ્યાં આપ આવ્યા મંચ પર!

રંગ બદલાતો રહ્યો કેવો તમારો હર પળે!
દંગ લોકો થૈ ગયા જ્યાં આપ આવ્યા મંચ પર!

આખરે અસલી મ્હોરા અંતમાં આપી ગયા,
ને બતાવ્યા આયના જ્યાં આપ આવ્યા મંચ પર.

ને કસબ કેવો કર્યો કે, શબ્દ ભાલા થૈ ગયા!
સોંસરા ઉતરી ગયા જ્યાં આપ આવ્યા મંચ પર.

## જાહેરાત આવી છે

અચાનક લાગણીનાં પૂરની આયાત આવી છે,
વિરહમાં ડૂબતી એ નાવ સાતેસાત આવી છે.

હૃદય પર કેટલો મોટો બની આઘાત આવી છે,
ખરેખર એ મને ભૂલી ગયાની વાત આવી છે.

તિમિર તું વાંચ આજે ધ્યાનથી આકાશનું છાપું,
અમાસે ચાંદ ઉગશે એવી જાહેરાત આવી છે.

ખબર ન્હોતી ખરી પડશે ખુશી આંસુ બની જઇને,
દીધેલા ફૂલ પર ઝાકળ સમી સોગાત આવી છે.

હવે તો નીંદ સાથે દુશ્મની તૂટે તો કૈં સારું,
નવા સપનાં સજાવીને ફરીથી રાત આવી છે.

## અશ્રુની આવક બની

એક અફવા એવી તો નાહક બની,
જિંદગી જાણે હ્રદયદ્રાવક બની.

દર્દની ડમરી યે વિનાશક બની,
ને કણેકણમાં તરસ વ્યાપક બની.

યાદ આવી પળ કોઈ ભૂતકાળની,
આંખને તો અશ્રુની આવક બની.

ક્યાંય ના બરબાદી વેચાતી મળે,
ભૂલ પોતાની જ ઉપકારક બની.

કંટકોને મ્હેક શું ને રંગ શું?
પાનખર જેને સદા માફક બની.

## વધઘટ થશે

પ્રેમ રહેશે ને અપવાદ વધઘટ થશે,
ચંદ્રની જેમ છો યાદ વધઘટ થશે.

ઢાળ બદલ્યા કરે પર્વતો હરઘડી,
તો નદીમાં ય કલનાદ વધઘટ થશે.

ગ્રાફ દોરી જુઓ લાગણીનો જરા–
સ્થિર છે, માત્ર ઉન્માદ વધઘટ થશે.

સાંભળી સ્હેજ ભણકાર આવી જશું,
આપનો છો! ભલા સાદ વધઘટ થશે.

લાગણી પર શું અંકૂશ કોઇ રહે?
પૂર છે એમાં આબાદ વધઘટ થશે.

## ભીંત બરાબર

હાર્યા... માન્યું જીત બરાબર,
જે ગાયું... તે ગીત બરાબર.

અંધારું હો કે અજવાળું,
તારા વિના ભીંત બરાબર.

મૌન મહીં યે તું જે બોલે,
મારે મન સંગીત બરાબર.

રીસાયા પણ માની જાતે,
કિન્તુ ન્હોતી રીત બરાબર.

દુશ્મનને પણ આવો કહીએ,
આપણને સૌ મીત બરાબર.

## વાતમાં ને વાતમાં

મેં રૂદન ખાળી લીધું, લે વાતમાં ને વાતમાં;
મનને સંભાળી લીધું, લે વાતમાં ને વાતમાં.

દ્રષ્ટિ મળતા કોણ નકશીકામ કરતું દિલ ઉપર?
મેં તરત ભાળી લીધું, લે વાતમાં ને વાતમાં.

દર્દ એ તારી જુદાઇનું મળ્યું એકાંતમાં,
મેં ય પંપાળી લીધું, લે વાતમાં ને વાતમાં.

આંખ જો રોઇ પડી તો યાદ આવ્યું કે અમે–
સ્વર્ણ ઓગાળી લીધું, લે વાતમાં ને વાતમાં.

આ સમય મારી સમીપ એની કથા કહેતો રહ્યો,
હું તો કંટાળી ગઇ લે, વાતમાં ને વાતમાં.

## કહું છું તને

સાંભળે તો ઘણા અર્થ પામી જશે, જે કહું છું બરોબર કહું છું તને;
કોણ આવે હવે! સાવ થીજી ગયું, યાદનું આ સરોવર કહું છું તને.

પ્રેમમાં ભૂલવાનું સહજ છે અહીં, કોણ કોની સદા ઝંખનાઓ કરે!
વિશ્વનાં જન્મ સાથે સ્થપાઇ ચૂકી, આ જૂની છે ધરોહર કહું છું તને.

ધૂળમાં થોડી પગલીઓ જોયા પછી ભેદ એનો તરત હું ય પામી ગઇ;
રાહ જોતો હશે કોઇની તું અગર, લાગશે એ મનોહર કહું છું તને.

ભીંત પરથી ઉતર ને જગત જોઇ લે, મારા પડછાયા, મારી નકલ કાં કરે?
દર્દ વિશે કશું જાણશે તો પછી, ભારી પડશે સહોદર! કહું છું તને!

લાગણી પ્રેમ ને કોઇનાં થઇ જવું, ખૂબ વિચારી વિચારીને ચાલવું;
બ્રહ્મ બ્રહ્માંડ સમજાશે ક્યારેક પણ... આ બધું છે અગોચર કહું છું તને.

## મને શું?

હૃદયમાં પડેલી ઉદાસી તો એમ જ રહે છે, જમાનો ભલે ને હસાવે મને શું?
નથી માનતું મન કોઇ વાતમાં પણ, ખરેખર અને લાગણી મન મનાવે મને શું?

તને પામવાનાં પ્રયત્નોમાં હું પણ ઘવાઇ જખમ પર જખમ તેં ય કેવા દીધા છે!
નિરાધાર અશ્રુઓ વહેતા રહ્યાં છે નયનથી, બહાના હજારો બનાવે મને શું?

સતત એક ઇચ્છા બહારો મળે ને ખિલું હું, મહકથી ચમન તારું મઘમઘ કરી દઉં
કળીઓનાં ચિત્કાર તું સાંભળે પણ નહીં, ને ફૂલો કંટકોથી સજાવે મને શું?

ભલે હાર પામું નથી જીતવાની જ ઇચ્છા પરંતુ રમત તું રમત જેમ રમને!
ઘણીવાર પાનું બીજું ઉતરે તું સિફતથી, હુકમનો કદી સર છુપાવે મને શું?

નદી જેમ મારી પ્રતીક્ષા હવે ઓસરી ગઇ, નથી કોઇ પગરવ, નથી કોઇ દસ્તક;
કહેણ મોકલે આવવાનાં ન આવે છતાં પણ –સપનમાં હમેશા સતાવે મને શું?

## હસ્તરેખા વળી શું?

પળેપળનો બદલાવ જોયા કરું છું, ધરા શું? ગગન શું? સિતારા વળી શું?
સમાયું છે જીવન અહીં ઠોકરોમાં, ત્યાં કિસ્મત અને હસ્તરેખા વળી શું?

ખુદાના તરફથી મળે તે સ્વીકારું, કદી એકલી છું કદી કાફલો છે;
મળી મેહફીલો તો મેં માણી લીધી છે સવાલો, જવાબો, સમસ્યા વળી શું?

નથી કોઇ મંઝિલ, નથી કોઇ રસ્તો, ચરણને મળ્યું છે સતત ચાલવાનું;
કદી થાક લાગે તો થોભી જવાનું, ઉતારા વિશેના ઉધામા વળી શું?

મને શબ્દ સાથે જ નિસ્બત રહી છે, સ્વયં અર્થ એમાંથી ઉપજ્યા કરે છે;
અને મૌનને પણ હું સુણ્યા કરું છું, અવાજો વળી શું ને પડઘા વળી શું?

જગતનાં વિવેકો ને વ્યવહાર છોડી, ઉઘાડા જ મેં દ્વાર રાખી મૂક્યા છે,
ભલે કોઇ અણજાણ આવે અતિથિ, પ્રતીક્ષા વળી શું? ટકોરા વળી શું?

*FUL PAR ZAKAL NA PATRO* —a collection of Gujarati poems ◆ First Published in 2009 by Yamini Gaurang Vyas

© Yamini Gaurang Vyas

All rights reserved under international copyright conventions. No part of this book may be reproduced or utilised in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage and retrieval system without prior permission in writing from the author.

સંપર્ક: **યામિની ગૌરાંગ વ્યાસ**, ૩ પુરુષોત્તમ એપાર્ટમેન્ટ, ચિન્મય હોસ્પિટલની બાજુમાં, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે, ઘોડદોડ રોડ, સુરત ૩૯૫ ૦૦૧ ફોન ૦૨૬૧ ૨૬૬૦ ૯૩૬

ગ્રંથ પરિકલ્પના: અમિત ખરસાણી મુદ્રણ: પટેલ ડિજીટલ, અમદાવાદ